S.M.C. P. No. 3427-3500-1-12

# સુરત મહાનગરપાલિકા

## યાંત્રિક / બિનયાંત્રિક વાહનો પર હરતી ફરતી જાહેરાત કરવા માટેની પરવાનગી મેળવવા અંગેનું અરજીપત્રક

( ધી. બી. પી. એમ. સી. એકટ–૧૯૪૯ ની કલમ–૨૪૫ અન્વયે )

**પ્રતિ,**
**કમિશ્નરશ્રી,**
**સુરત મહાનગરપાલિકા,**
**સુરત.**

**મહેરબાન સાહેબ,**

સવિનય જણાવવાનું કે, નીચે જણાવેલ વિગતે, અમો યાંત્રિક / બિનયાંત્રિક વાહન પર જાહેરાત પ્રદર્શિત કરવા માંગીએ છીએ, જે અંગે નિયમ મુજબ ચાર્જ / ફી વસુલ લઈ, પરવાનગી આપવા વિનંતી છે.

ફોર્મ વેબસાઈટ www.suratmunicipal.gov.in મારફત ડાઉનલોડ કરેલ હોય ફ્રી છે.

The form is free as it is downloaded from www.suratmunicipal.gov.in.

૧. અરજદારનું નામ :–

૨. અરજદારના ધંધાનું નામ તથા પુરૂં સરનામું :–

૩. અરજદારનું રહેઠાણનું પુરૂં સરનામું :–

૪. જે વાહન પર જાહેરાત કરનાર છે તેનો પ્રકાર :– ૧. યાંત્રિક ☐ ૨. બિનયાંત્રિક ☐ ૩. અન્ય ☐

૫. વાહનની વિગત :–

| અ.નં. | બિનયાંત્રિક વાહનનો પ્રકાર | સંખ્યા | યાંત્રિક વાહનનો પ્રકાર | નોંધણી નંબર | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | સાયકલ રિક્ષા | | ટ્રક | | |
| ૨ | ઉંટ ગાડી | | ટેમ્પો / ચાર ચક્રી લાઈટ વ્હીકલ | | |
| ૩ | ઘોડાગાડી | | થ્રી વ્હીલ ટેમ્પો | | |
| ૪ | હાથલારી | | રીક્ષા | | |
| ૫ | અન્ય | | અન્ય | | |

૬. જાહેરાતનો પ્રકાર અને સાઈઝ :–

| અ.નં. | જાહેરાતનો પ્રકાર | નંગ | લંબાઈ (મીટર) | પહોળાઈ (મીટર) | ક્ષેત્રફળ (ચો. મી.) |
|---|---|---|---|---|---|
| ૧ | સાદી (વિનાઈલ) | | | | |
| ૨ | બેકલીટ | | | | |
| ૩ | અન્ય | | | | |

**Note:** In case the content of the downloaded form is modified, it may lead to legal action and the content as per the original form will be considered as final.

૭. વાહનના માલિકની વિગત :–

નામ :–

સરનામું :–

ટેલીફોન નં.__________________ મોબાઈલ નં.___________________ લેન્ડ લાઈન નં. _______________

૮. પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના અધિકૃત :–
અધિકારીનું એન.ઓ.સી.ની વિગત
( નકલ સામેલ કરવી )

____________________ ____________________

વાહનના માલિકની સહી
તારીખ____________________

જાહેરાત એજન્સી / અરજદારની સહી અને સીકકો
તારીખ____________________

ફોર્મ વેબસાઈટ www.suratmunicipal.gov.in મારફત ડાઉનલોડ કરેલ હોય ફ્રી છે.

The form is free as it is downloaded from www.suratmunicipal.gov.in.

## –: શરતો :–

૧. સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં જાહેરાત પ્રદર્શિત કરવાનો મૂળ ઉદ્દેશથી ઉપયોગમાં લેવાતા યાંત્રિક રીક્ષા (ઓટો) સિવાયના યાંત્રિક વાહનો તથા બિનયાંત્રિક વાહનો પર કરવામાં આવતી તમામ પ્રકારની જાહેરાતો માટે નિયત અરજીપત્રકમાં અરજી કરી, સુરત મહાનગરપાલિકાની મંજુરી અરજદારે મેળવવાની રહેશે.

૨. આવી મંજુરી જે તે જાહેરાત એજન્સી તથા જે તે વાહનના માલિકે સંયુકત રીતે મેળવવાની રહેશે.

૩. આવી મંજુરી મેળવવા નિયત અરજીપત્રકમાં સંયુકત રીતે અરજદાર જે વિસ્તારમાં રહેઠાણ ધરાવતા હોય, તે વિસ્તારની સંબંધિત ઝોન કચેરીમાં અરજી કરવાની રહેશે.

૪. અરજીપત્રક સાથે અરજદારના રહેઠાણના / ધંધાના સ્થળના (ઓફિસના) જરૂરી પુરાવાઓ રજુ કરવાના રહેશે.

૫. અરજીપત્રક સાથે યાંત્રિક / બિનયાંત્રિક વાહનોની સંપૂર્ણ વિગત દર્શાવતા જરૂરી પુરાવાઓની પ્રમાણિત નકલો રજુ કરવાની રહેશે.

૬. અરજીપત્રક સાથે યાંત્રિક / બિનયાંત્રિક વાહનોની જાહેરાતના હેતુસર હેરફેરનું રૂટ, ટ્રાફિક કે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ અડચણરૂપ નથી તે હેતુથી પોલીસ કમિશ્નરશ્રી, સુરતના અધિકૃત અધિકારીશ્રીનું "ન વાંધા પ્રમાણપત્ર" રજુ કરવાનું રહેશે.

૭. અરજદારની અરજી અન્વયે નિયમો / શરતોને આધિન નિર્ણય કરવાની સત્તા સંબંધિત ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની રહેશે.

૮. અરજદારને જાણ કર્યેથી દિન–૨ (બે) માં લાયસન્સ ફીની રકમ ભરપાઈ કરવાની રહેશે.

૯. આવી પરવાનગી પોલીસ કમિશ્નરશ્રી, સુરતના અધિકૃત અધિકારીશ્રીના "ન વાંધા પ્રમાણપત્ર" માં દર્શાવેલ સમયગાળા પુરતી જ આપવાની રહેશે, અને તેટલા સમયગાળાની નિયમ મુજબ લાયસન્સ ફી વસુલ કરવાની રહેશે.

૧૦. પરવાનગીની મુદત પૂર્ણ થતાં પહેલાં જો અરજદાર પરવાનગી રીન્યુ કરાવવા માંગતા હોય તો દિન–૭ (સાત) પહેલાં રીન્યુઅલ માટે અરજી કરવાની રહેશે.

૧૧. વાહન ટ્રાફિકના નિયમોનુસાર, ટ્રાફિકને અડચણરૂપ ન થાય તે મુજબ રસ્તા પર ડાબી બાજુએ ચલાવવાનું રહેશે.

૧૨. અરજદારે જે તે રસ્તા પર વાહનોની અવરજવર કરવા માટે શહેર પોલીસ તથા સુરત મહાનગરપાલિકા તરફથી આપવામાં આવતી સ્થાયી સુચનાઓ તથા વખતોવખત આપવામાં આવતી સુચનાઓ નો અમલ કરવાનો રહેશે.

૧૩. જાહેરાત માટેનું વાહન ચલાવનારને કે વાહનને કોઈપણ પ્રકારનો અકસ્માત, ઈજા કે નુકશાન થાય તો તે અંગેની કોઈ જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહી.

**Note:** In case the content of the downloaded form is modified, it may lead to legal action and the content as per the original form will be considered as final.

૧૪. આવા વાહનો પર અરૂચિકર, અશ્લીલ જણાય તેવા તથા તમાકુની બનાવટોને લગતી તથા પ્રવર્તમાન કાયદા હેઠળ પ્રતિબંધિત હોય તેવી કોઈપણ જાહેરાત કરી શકાશે નહી.

૧૫. જાહેરાત માટેનું વાહન ચલાવનારે પરવાનગીની નકલ પોતાની સાથે અચૂક રાખવાની રહેશે તથા મહાનગરપાલિકાના અધિકૃત અધિકારી તે જોવા માંગે ત્યારે બતાવવી. અન્યથા પરવાનગી વગરની જાહેરાત ગણી દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

૧૬. અન્ય કોઈપણ પ્રવર્તમાન કાયદા હેઠળ જે કોઈ પરવાનગી મેળવવાની થતી હોય તથા ચાર્જ ભરવાનો થતો હોય તો તે જે તે પરવાનેદારે / અરજદારે પરવાનગી મેળવવાની રહેશે તથા ચાર્જ ભરપાઈ કરવાનો રહેશે.

૧૭. પરવાનગીની શરતો / નિયમો / ફી ના દરો વિગેરેમાં વખતોવખત જે કંઈ સુધારાવધારા થાય તેનું જે તે પરવાનેદારે / અરજદારે પાલન કરવાનું રહેશે.

૧૮. કોઈપણ શરતોનો ભંગ થયેથી આપેલ પરવાનગી, પરવાનગી આપનાર અધિકારી તાત્કાલિક અસરથી રદ કરી શકશે.

તથા કાયદાકીય / શિક્ષાત્મક પગલાં ભરવા સહિતની કાર્યવાહી કરી શકશે.

૧૯ અનધિકૃત / પરવાનગી વગર જાહેરાતો પ્રદર્શિત કરતાં વાહનો માટે નિયત કરેલ વાર્ષિક લાયસન્સ ફીના દર મુજબ થતી વાર્ષિક લાયસન્સ ફીની બમણી રકમ દંડ વસુલ લેવામાં આવશે. જયારે અત્રેથી આપેલ મંજુરી વિરૂધ્ધના કે શરત ભંગ થતો હોય તેવા કિસ્સાઓમાં એક વર્ષની લાયસન્સ ફી દંડ તરીકે વસુલ લેવામાં આવશે.

૨૦. આવી પરવાનગી જાહેરાતના બોર્ડના ક્ષેત્રફળ અનુસાર સામેલ કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના દરોએ વાર્ષિક લાયસન્સ ફી વસુલ લઈને આપવાની રહેશે.

ફોર્મ વેબસાઈટ www.suratmunicipal.gov.in મારફત ડાઉનલોડ કરેલ હોય ફ્રી છે.

The form is free as it is downloaded from www.suratmunicipal.gov.in.

## **કોષ્ટક**

| અ.નં. | વર્ષ | વાર્ષિક લાયસન્સ ફીના દર (રૂા. પ્રતિ ચો.મી.) | |
|---|---|---|---|
| | | બિન યાંત્રિક વાહનો | યાંત્રિક વાહનો |
| ૧ | ૨૦૧૧ – ૨૦૧૨ | ૨૦૦૦/– | ૪૦૦૦/– |
| ૨ | ૨૦૧૨ – ૨૦૧૩ | ૨,૨૦૦/– | ૪,૫૦૦/– |
| ૩ | ૨૦૧૩ – ૨૦૧૪ | ૨,૫૦૦/– | ૫,૦૦૦/– |

૨૧. નિયત લાયસન્સ ફીની રકમ ભરવામાં વિલંબ થાય તેવા કિસ્સામાં વિલંબતિ દિવસો માટે વાર્ષિક ૧૮% ના દરે પેનલ્ટી વસુલ લેવામાં આવશે.

૨૨. જાહેરાત એજન્સી દ્વારા અત્રેથી નિયત કરેલ દંડ / પેનલ્ટીની રકમ ભરવામાં નહી આવે તો તેઓનું વાહન જપ્ત કરી, કાયદેસરની કાર્યવાહી કરી શકાશે.

ઉપરોકત શરતો અમોને માન્ય અને કબુલ મંજુર છે અને તે મુજબ પાલન કરવાની આથી અમો બાંહેધરી આપીએ છીએ

______________________________ ______________________________

વાહનના માલિકની સહી — જાહેરાત એજન્સી / અરજદારની સહી અને સીકકો

તારીખ____________________ — તારીખ ____________________

**Note:** In case the content of the downloaded form is modified, it may lead to legal action and the content as per the original form will be considered as final.

સાદર રજુ,

અરજદારશ્રી ________________________________ એ, તેમની તા. ____________ ની અરજીથી __________ વાહન ____________ પર કુલ ______________ વાહનો પર વાહન દીઠ __________ ચો.મી. લેખે કુલ : ____________ ચો.મી. હરતી ફરતી જાહેરાત તા. ______________ થી તા. ______________ સુધી કરવા માટે પરવાનગી માંગેલ છે. જે અન્વયે નિયમોનુસાર ફી ના રૂા. ____________ /– વસુલ લઈ, પરવાનગી આપી શકાય તેમ છે, જે અંગે મંજુરી મળવા વિનંતી છે. / નીચે જણાવેલ કારણોસર મંજુરી આપી શકાય તેમ નથી. જેથી અરજી નામંજુર કરવા મંજુરી મળવા વિનંતી છે.

**આસી. ઈજનેર / જુની. ઈજનેર**

**ડેપ્યુટી ઈજનેરશ્રી,**

**કાર્યપાલક ઈજનેરશ્રી,**

**સાદર રજુ,**

મે. ____________________________________ ની તા. ____________ ની મંજુરી અન્વયે અરજદારને આપવા જોગ પત્ર આ સાથે સામેલ છે. જેના પર સહી થઈ આપવા વિનંતી છે.

**આસી. ઈજનેર / જુની. ઈજનેર**

**ડેપ્યુટી ઈજનેરશ્રી,**

**કાર્યપાલક ઈજનેરશ્રી,**

પરવાનગીનો સમયગાળો તા. ________________ થી તા. ________________

પરવાનગી ફીની રકમ રૂા. ______________ /–× ______________ = ______________ રૂા.

રસીદ નં. ________________ તા. ________________ થી જમા લીધેલ છે.

________________________

**કલાર્ક / કેશિયર**

________________ **ઝોન**

**તા.** ________________

ફોર્મ વેબસાઈટ www.suratmunicipal.gov.in મારફત ડાઉનલોડ કરેલ હોય ફ્રી છે.

The form is free as it is downloaded from www.suratmunicipal.gov.in.

**Note:** In case the content of the downloaded form is modified, it may lead to legal action and the content as per the original form will be considered as final.